# હિસાબ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી

---

<u>વંચાણે લીધાઃ–</u> ગુજરાત સરકાર, નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંકઃતજર/૧૦૨૦૧૩/૭૮૫(૧)(૪૯૫૨૦૨)ઝ (પાર્ટફાઈલ) સચિવાલય,ગાંધીનગર, તાઃ ૨૨/૦૮/૨૦૧૬

**<u>તાત્કાલિક</u>** **–: પરિપત્ર :–**

**વિષયઃ– રાજય સરકારના અધિકારી/કર્મચારીઓના Data base સાથે આધાર નંબર Link કરી DBT Mode પર Payment કરવા બાબત.**

ઉપરોકત વંચાણે લીધા ગુજરાત સરકારશ્રીના નાંણાં વિભાગના પરિપત્રથી રાજય સરકારશ્રીનાં અધિકારી/કર્મચારીશ્રીઓનાં Data base સાથે આધાર નંબર Link કરી DBT Mode પર પગારનું ચૂકવણું કરવાનું રાજય સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં આવેલ છે.

આ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને હાલમાં પગારનું ચૂકવણું ઈ–પેમેન્ટ પધ્ધતિથી કરવામાં આવે છે, એટલે કે જે તે કચેરીના પગાર બીલ પાસ થયે, પગાર બીલમાં દર્શાવેલ અધિકારી/કર્મચારીશ્રીઓને ચૂકવવાની થતી ચોખ્ખી રકમ આ કચેરી ધ્વારા જે તે અધિકારી/કર્મચારીશ્રીના બેન્ક ખાતામાં સીધેસીધી જમા કરવામાં આવે છે.

ઉપરોકત વિગતે રાજય સરકારશ્રીની સૂચના મુજબ **<u>માહેઃ સપ્ટેમ્બર–૧૬ના માસથી</u>** આ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા તમામ અધિકારી/કર્મચારીશ્રીઓ જે બેન્ક એકાઉન્ટમાંથી પગાર મેળવતા હોય એ બેન્ક એકાઉન્ટ સાથે તથા યુનિ.ના (ERP) Data base સાથે આધાર નંબર Link કરી DBT Mode પર પગારનું ચૂકવણું કરવાનું નકકી કરવામાં આવે છે.

આ કામગીરી ઉપાડ અને વહેચણી અધિકારી ધ્વારા જે તે અધિકારી/કર્મચારીઓનો આધાર નંબર જે તે અધિકારી/કર્મચારી જે બેન્ક એકાઉન્ટમાંથી પગાર મેળવતા હોય એ બેન્ક એકાઉન્ટ સાથે Link કરવા માટે સંબંધિત અધિકારી/કર્મચારી પાસેથી Unique Identification of India ધ્વારા આપવામાં આવેલ આધાર કાર્ડની સ્વયં પ્રમાણિત નકલ તેમજ Consent Letter મેળવી બેન્ક એકાઉન્ટ સાથે જે તે અધિકારી/કર્મચારીઓનો આધાર નંબર Link કરવાનો રહેશે, તેમજ યુનિ.ના (ERP) Data baseના Employee Master ના Remarksના કોલમમાં જે તે અધિકારી/કર્મચારીઓનો આધાર નંબર દર્શાવવાનો રહેશે.આ રીતે આધાર નંબર તથા બેન્ક એકાઉન્ટ નંબર જે તે અધિકારીનો જ છે તેની ચકાસણી ઉપાડ અને વહેચણી અધિકારીએ કરી, તેના ધ્વારા તે નંબરની ચકાસણી થયેલ છે તે મુજબનું પ્રમાણપત્ર પગારબીલ સાથે અચુક જોડવાનું રહેશે.જે અધિકારી/કર્મચારીઓએ આધાર નંબર મેળવેલ ન હોય, તેઓએ તાત્કાલિક આધાર નંબર મેળવી લેવા જણાવવાનું રહેશે.

**<u>માહેઃ સપ્ટેમ્બર–૧૬ના માસનું પગાર બીલ</u>** ઉપરોકત વિગતેની સૂચનાઓ મુજબ અમલ કર્યા બાદ જ રજુ કરવાનું રહેશે. અન્યથા પગાર બીલ પાસ કરવામાં આવશે નહિ, જેની સર્વે નાંણાં ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓએ નોંધ લેવા વિનંતિ.

સદરહું પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.

હિસાબ નિયામક

---

જા.નં.નકૃયુ/હિનિ/વહટ/૩૭૯૨–૩૮૪૦ ૨૦૧૬ તાઃ ૨૦/૦૯/૨૦૧૬

**<u>નકલ જયભારત સાથ રવાનાઃ–</u>**

(૧)આ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ/તમામ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ સારુ.
(૨)આ યુનિવર્સિટીના તમામ નાંણાં ઉપાડ અને વહેચણી અધિકારીશ્રીઓ તરફ તાત્કાલિક અમલ થવા સારુ.
(૩)વહીવટી–વ–હિસાબી –અધિકારીશ્રી,ન.કૃ.યુ.નવસારી તરફ ઉપરોકત વિગતે ચુસ્તપણે અમલ કરવા સારુ.